ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ જન્મદિવસની ઉજવણી વિવિધ સેવાકીય કાર્યો થકી કરી હતી. જેમાં ફ્રી મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ તેમજ જરૂરિયાતમંદો ને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું સેવા કાર્યો અન્વયે મહાનગરપાલિકા ખાતે "ફ્રી મેડિકલ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં નગરજનોએ આરોગ્ય સેવાનો લાભ લીધો હતો અને બ્લડ ડોનેશન કર્યું હતું. આ દરમિયાન મેયરે પણ બ્લડ ડોનેશન કરીને રક્તદાતાઓનો ઉત્સાહ વધારી આભારની લાગણી વ્યક્ત કરી હતી ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ ની પ્રેરણાથી સિવિલ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક આહાર કેન્દ્ર કાર્યરત છે. જેમાં મેયર એ તેમના જન્મદિવસ નિમિત્તે ભોજનની સેવા આપી હતી અને ભોજન પીરસ્યું હતું.આ ઉપરાંત સમર્પણ મુક બધિર શિશુવિદ્યા મંદિર, સેક્ટર ૨૮ ખાતે દિવ્યાંગ બાળકોને ભોજન વિતરણ કર્યું હતું. તેમણે કૈલાશધામ વૃદ્ધાશ્રમ, પેથાપુર ખાતે વડીલોને ધાબળા વિતરણ કર્યું હતું અને વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.આ સેવાકીય કાર્યોમાં મેયરની સાથે શહેર અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, શહેર મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિત સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

## જન્મદિને વધામણી

હંસાબેન પ્રકાશભાઈ શાહ
Mo. 99784 06733

# સે.૭માં ચૌધરી કોલેજમાં યોગ નિદર્શન અને યોગ રેલી યોજાઈ

ગાંધીનગર, ૧૬

ગાંધીનગરના સે.૭માં તા.૧૫ ઓગસ્ટે માતૃશ્રી જોઈતાબા મહિલા કોલેજ કેમ્પસમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર સંચાલિત ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તાર યુનિટ દ્વારા આયોજિત ૭૭મા આઝાદી પર્વ નિમિત્તે "આઝાદી કે રંગ - યોગ કે સંગ" યોગ નિદર્શન કાર્યક્રમમાં અખિલ આંજણા કેળવણી મંડળના ઉપપ્રમુખ અને પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજના કન્વીનર રણછોડભાઈ ચોધરી, ખજાનચી મણીભાઈ ચૌધરી, કોલેજના આચાર્ય ડૉ.એમ.એમ.ચૌધરી અને સમગ્ર સ્ટાફ પરિવાર હાજર રહ્યો હતો. આ કાર્યક્રમનુ સંચાલન કોલેજના રમતગમત વિભાગના પ્રો.વિનોદભાઈ ચૌધરી અને ડૉ.લીનાબેન સ્વાદિયાએ કર્યુ હતુ અને ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના

જિલ્લા કોઓર્ડીનેટર ભાવના જોશી દ્વારા અને સિનિયર યોગ કોચ યોગેશ જનસારી અને યોગ કોચ આશાબેન મહેતા દ્વારા વ્યાયામ અને આસન કરાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમના સમાપને કોલેજના વિદ્યાર્થીઓ અને ગાંધીનગર મહાનગરપાલિકાના યોગ કોચ, યોગ ટ્રેનરો વિગેરે યોગ સાધકોએ યોગા કરી અને સાથે રેલી યોજી હતી.

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન કેતનકુમાર પટેલના નિવાસસ્થાને હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચાના પ્રમુખ-યુવરાજસિંહ ચાવડા, પ્રભારી-નિસર્ગ વ્યાસ, મહામંત્રી-રવિ રાવલ, હરેશ પટેલ, કાર્યકરો અને આગેવાનો જોડાયા હતા.

ગાંધીનગરના અગ્રણી ઘનશ્યામ સોલંકીની દીકરી દિશા સોલંકીના જન્મદિવસ નિમિત્તે તેમણે પોતના દીર્ઘાયુ જીવન અને શૈક્ષણિક કારકીર્દીમાં સફળતા પ્રાપ્ત કરવા માટે વિશેષ રીતે વિષ્ણુપુજા કરી હતી. ભગવાન વિષ્ણુને ૧૦૦૮ તુલસી પત્ર અર્પણ કરી પ્રાર્થના કરી હતી દિશાએ નાની ઉંમરે ભગવાન નટરાજની આરાધના કરી પ્રથમ પદાર્પણની પદવી મેળવી છે. હાલ કડી કેમ્પસમાં એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતી આ તેજસ્વી વિદ્યાર્થીનીએ આગળ વધુ અભ્યાસ કરીને આઇ એસ બનવાની ખેવના વ્યકત કરી છે. દિશાના જન્મદિવસની શાનદાર અને નમુનારૂપ ઉજવણી અન્ય યુવાઓ માટે પણ પ્રેરણાદાયી બની રહી હતી. વડીલોએ પણ ગોડ બ્લેસ યુ.. ની ફીલીંગ સાથે દિશાને ઉજ્જવળ ભવિષ્ય માટે આર્શીવાદ આપ્યા હતા.

# સેક્ટર-૨ની સરકારી પ્રા. શાળાના કાર્યક્રમમાં સિનિયર સીટીઝનો જોડાયાં

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર ૨ની સરકારી પ્રાથમિક શાળામાં ધ્વજવંદન કાર્યક્રમમાં શાળાના બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો જેમાં મોટી સંખ્યામાં વસાહતીઓ સહિત સિનિયર સિટીઝનોએ ઉમળકાથી ભાગ લીધો. સિનિયર સિટીઝનો દ્વારા નિવૃત્ત થનાર પ્રિન્સિપાલને મોમેન્ટો, સ્મૃતિ ચિન્હ અને ધાર્મિક પુસ્તકની ભેટ રિટાયર્ડ ડીવાયએસપી મૌલેશભાઈ જોશીના સૌજન્યથી આપવામાં આવ્યા. જોશીભાઈના પૌત્રીના જન્મદિન નિમિત્તે તમામ બાળકોને વેફરના પેકેટસ અને સીનીયર સીટીઝનો દ્વારા ચોકલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું. શાળાના પ્રિન્સિપાલ અને શિક્ષકોના સ્ટાફ તેમજ મૌલેશભાઈ

જોશી, પ્રમોદભાઈ દવે (દવે કાકા), કરણસિંહ વાઘેલા, યોગેશ ગાંધી, અશોક દવે, અનુપમ ભાઈ, ટાડાભાઈ, શિકારી ભાઈ, પરમાર બાપુ, સોમાભાઈ પટેલ વગેરે બગીચા મંડળના સિનિયર સિટીઝનોએ પણ બાળકોને હળવા નાસ્તાના પેકેટો અને પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમનું શાળાના બાળકો અને પ્રમોદભાઈ દવે (દવે કાકા) દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

● ક્રિષ્ના ભજન મંડળ, સેક્ટર-૬

● સમર્પણ પબ્લિક સ્કુલ

● સિનીયર સીટીઝન હોલ, સેક્ટર-૫

# પીડીઈયુ ખાતે NCC એક્સપોઝર પ્રોગ્રામ યુનિટે ભવ્ય ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૧૬

પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (PDEU) એ ૭૬મા સ્વતંત્રતા દિવસ પર એક અદ્ભુત ઔપચારિક પરેડ યોજાઈ હતી, જેમાં નેશનલ કેડેટ કોર્પ્સ (NCC)ના કેડેટ્સ અને NCC એક્સપોઝર પ્રોગ્રામના વિદ્યાર્થીઓ દ્વારા સમર્પણ અને દેશભક્તિનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં PDEUના મહાનિર્દેશક પ્રો. એસ સુંદર મનોહરનના પ્રેરણાદાયી વક્તવ્ય બાદ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ દ્વારા પરેડ અને સાંસ્કૃતિક પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનિર્દેશક દ્વારા "એમ્પાવરિંગ યુથ ફોર નેશન-બિલ્ડીંગઃ એનસીસી એન્ડ એક્સપોઝર ટુ એનસીસી એટ પીડીઈયુ" નામના નોંધપાત્ર પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં એનસીસી અને તેના એક્સપોઝર પ્રોગ્રામની વિવિધ પ્રવૃત્તિઓ અને નોંધપાત્ર સિદ્ધિઓને સમાવી લેવામાં આવી છે. સમપને NCC ગીતની હૃદયસ્પર્શી પ્રસ્તુતિ કરાઈ જેના પગલે વાતાવરણમાં દેશભક્તિની ભાવના છવાઈ જવા પામી હતી.

શહેરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. વર્ષો જુની ગટર લાઈન પણ બદલવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે રોજબરોજ પાણી ગટરની લાઈનમાં એક યા બીજી સમસ્યા ઉદભવતી રહે છે. જેના લીધે સેકટરવાસીઓ પણ મુંઝવણમાં મુકાય છે. સે-૨૧ માં પણ પાણીની લાઈન તુટતા પાણીનો વેડફાટ થયો હતો. એકબાજુ સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની પોકાર પણ ઉઠતી રહે છે ત્યારે પાણીનો બગાડ ન થાય તે પણ અનિવાર્ય છે.

ગત તા. ૫-૮-૨૩ થી તા. ૧૩-૮-૨૩ સુધી ગાંધીનગરના ૨૨ વરીષ્ઠ નાગરિકો માઉન્ટ સોલ સંસ્થાના આયોજક રવૈત વૈધના માર્ગદર્શન અને સહયોગથી કાશ્મિરનો 'ધ ગ્રેટ લેક્સ ઓફ કાશ્મીર' અઘરો ગણાતો ટ્રેક સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. આ ટ્રેકમાં આશરે ૧૩,૭૫૦ ફૂટની ઊંચાઈ પરના વિવિધ પાસ તથા ૬ દિવસમાં આશરે ૯૦ કિલોમીટરનું ચઢાણ-ઉતરાણ સામેલ હતુ. કાશ્મિરનો સોનમર્ગ પાસે આવેલ સીતકુટીર બેઝ કેમ્પથી શરૂઆત કરી અત્યંત સુંદર સાત લેક તેમજ કુદરતી સૌંદર્ય માણીને ટ્રેક પૂરો કર્યો છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ૭૭મા સ્વતંત્રતા દિવસની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૬

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને આઈઆઈટીઈ, ગાંધીનગર દ્વારા ૭૭મા સ્વતંત્રતા દિવસની ઉજવણી યુનિવર્સિટીના પટાંગણ ખાતે સંયુક્ત તત્વાધાનમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે કુલપતિ ડૉ. હર્ષદ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ધ્વજવંદનાનો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

પ્રસંગોચિત્ત ઉદબોધન આપતાં કુલપતિએ જણાવ્યું હતું કે, સ્વતંત્રતા પર્વ સામૂહિક મનોમંથન કરવાનો અવસર છે. રાષ્ટ્રોત્થાન માટે આપણે શું કરી શકીએ, એ વિષય પર ચિંતન થાય તો સાર્વભૌમત્વનો સંકલ્પ મૂળ સુધી સાકાર કરી શકાય. આ ઉપરાંત "ભારતીય બાળમાનસને સમજવા ઉત્તમ વૈજ્ઞાનિક પ્રયત્નો થાય અને અધ્યયન-અધ્યેતા વચ્ચે રહેલું અંતર શૈક્ષિક પરિવેશ થકી પુરી શકાય તો આજનો રાષ્ટ્રીય પર્વ સાચા અર્થમાં સાકાર થશે", તેમ તેમણે જણાવ્યું

હતું. વધુમાં, તેમણે ઉપસ્થિત શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણ તેમજ વિદ્યાર્થીઓને આઝાદીના અમૃત મહોત્સવકાળના અભિનંદન પાઠવ્યા હતા અને શિક્ષણ વધુ ને વધુ રાષ્ટ્રકેન્દ્રી બને તે માટે પ્રયાસ કરવા પ્રેરિત કર્યાં હતા. કાર્યક્રમના અંતિમ ચરણમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ભારતમાતા પૂજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ચેર પ્રોફેસર અને એડીજી ડૉ. ટી.એસ.જોશી, આઈઆઈટીઈના ડીન ડૉ. વિરલબેન જાદવ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ અમિતભાઈ જાની અને આઈઆઈટીઈના કુલસચિવ હિમાંશુભાઈ પટેલ અને બંને યુનિવર્સિટીના શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ઉત્તર દશકોઈ કડવા પાટીદાર એજ્યુકેશન ટ્રસ્ટના

# સાંસ્કૃતિક હોલ નામકરણ માટે ૪૧ લાખનું દાન આપનાર ચીમનભાઈ અંબાલાલ પટેલનું સન્માન

ગાંધીનગર, તા.૧૬

શ્રી ઉત્તર દશકોઇ કડવા પાટીદાર એજ્યુકેશન ટ્રસ્ટ કુડાસણ દ્વારા ૭૭ માં સ્વાતંત્ર્ય દિનની ખૂબ જ હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવી આ પ્રસંગે વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગ્રામજનો તેમજ કેળવણી મંડળના સમગ્ર ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા જેમાં સાંસ્કૃતિક હોલના નામકરણ માટે સમાજના પ્રમુખ ચીમનભાઈ અંબાલાલ પટેલ (ભામાશા), કોબા દ્વારા તેમના પુત્રના સ્મરણાર્થે રૂપિયા ૪૧.૦૦ લાખ જેટલી રકમનું દાન આપવાની જાહેરાત કરવામાં આવી હતી અને તેમનુ શાલ દ્વારા સન્માન સંસ્થાના પ્રમુખ શ્રી બાબુલાલ એન.પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# શહેરમાં ખાદ્યતેલથી લઈને ફરાળી ચીજવસ્તુઓ અને ફળોના ભાવમાં ૫૦ ટકાનો વધારો થયો

**શ્રાવણમાં ઉપવાસ કરવા મોંઘા પડશે : વેપારીઓનું માનીએ તો દરેક ચીજવસ્તુઓનું ઉત્પાદન અને અછતના કારણે ભાવ વધી રહ્યા છે, ભાવ વધારાથી બજારમાં મંદી પણ જોવા મળી રહી છે**

ગાંધીનગર, ૧૬

તહેવારમાં ફરી ગુજરાતની જનતાને મોંઘવારીના માર સહન કરવો પડશે. આ વખતનો શ્રાવણ મહિનાનો ઉપવાસ કરવો લોકોને મોંઘો પડી શકે છે.

જંગી ભાવ વધારાના પગલે ફળો અને ફરાળી વાનગી આરોગવી મોંઘી પડશે.

રાજકોટના બજારોમાં ખાદ્યતેલથી લઈને ફરાળી ચીજસ્તુઓ અને ફળોના ભાવમાં ૫૦ ટકાનો વધારો થયો છે. જેના પગલે ફરાળી વાનગીઓ પણ મોંઘી થાય તેવી શક્યતા છે.વાત કરીએ પહેલા સિંગતેલની તો શ્રાવણ માસમાં તેલનો વપરાશ સૌથી વધુ થતો હોય છે. સિંગતેલના ડબ્બાનો ભાવ ૩૧૦૦ રૂપિયાને પાર પહોંચી ગયો છે. ફરાળી ચીજ વસ્તુઓના કિલોના ભાવની વાત કરીએ તો સાબુદાણાના કિલોના ભાવ ૮૫થી ૯૦ રૂપિયા, રાજગરા લોટના ૧૯૦થી ૨૦૦ રૂપિયા, સિંગદાણા ૧૫૦ રૂપિયા, સામો ૧૧૦ રૂપિયા અને જીરૂના ભાવ ૭૦૦ રૂપિયા છે. ફરાળી ચીજ વસ્તુ સાથે એલચી, વરિયાળી, મરી મસાલા અને તેજાના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે.

શ્રાવણ મહિનામાં ફળો ખાવા પણ મોંઘા પડશે. જે કેળા ૫૦થી ૬૦ રૂપિયામાં કિલો મળતા હતા, તે કેળાના ડઝનના ભાવ હાલ ૯૦થી ૧૦૦ રૂપિયા છે. તો સફરજનના કિલોના ભાવ ૨૦૦ રૂપિયા છે. પેરૂ ૧૦૦ રૂપિયે કિલો છે. જયારે રાસબરીના કિલોના ભાવ ૧૫૦ રુપિયા છે.

ફરાળી ચીજવસ્તુ અને ફળોના ભાવ બમણા થતા સામાન્ય માણસનું બજેટ ખોરવાઈ ગયું છે. વેપારીઓનું માનીએ તો દરેક ચીજવસ્તુઓનું ઉત્પાદન અને અછતના કારણે ભાવ વધી રહ્યા છે. ભાવ વધારાથી બજારમાં મંદી પણ જોવા મળી રહી છે.